ગાંધીનગર સમાચાર

સિવિલમાં અગ્નિશામક સાધનો ડેડ : દર્દીઓ રામભરોસે

## @ગાંધીનગર

● દિવ્ય જીવન સંઘ અને ગાયત્રી શકિતપીઠના સંયુકત ઉપક્રમે સેકટર-૧, ગાયત્રી શકિતપીઠ ખાતે સવારના ૭ થી ૮.૧૫ કલાક દરમિયાન યોગ-ધ્યાન શિબિર યોજાશે.

● એસ.સી. સેલ દ્વારા બપોરે ૩ કલાકે સેકટર-૧૭, ટાઉનહોલ ખાતે સ્નેહમિલન સમારોહ યોજાશે.

● ગાંધી મિત્ર વર્તુળ અને સાદરા ખાતે ગુજરાત વિદ્યાપીઠ સંચાલિત શારીરિક મહાવિદ્યાલય તથા આર્ટસ કોલેજમાં સવારે ૧૧ કલાકે ગાંધી જીવનદર્શન વિષય અંતર્ગત વાર્તાલાપ યોજાશે.

- નજાહખાનમ સૈયદ

# વરલી મટકા રમાડતો સરકારી કર્મચારી ઝડપાયો

## જુના સચિવાલયમાંથી વરલી મટકાના સાહિત્ય તથા રોકડ મળી રૂ. ૨૫૬૩૦ના મુદ્દામાલ સાથે કલાર્કની ધરપકડ



ગાંધીનગર, તા.૨

ગાંધીનગર શહેરમાં સ્થિત જુના સચિવાલય ખાતે પાર્કીંગમાં બેઠા બેઠા એક સરકારી કર્મચારી વરલી મટકાનો જુગાર રમાડી રહ્યો હોવાની બાતમીને આધારે સે-૭ પોલીસની ટીમે ગઈ સાંજે દરોડો પાડી પાણી પુરવઠા વિભાગના કર્મચારીને પકડી પાડયો હતો. રૂ. ૨૫૬૩૦ના મુદ્દામાલ સાથે કલાર્કની ધરપકડ કરીને પોલીસે ગુનો દાખલ કરી ઉંડી પુછપરછ શરુ કરી છે.

સેકટર-૭ પીએસઆઈ વી.યુ. ગડરીયાને ગઈ સાંજે બાતમી મળી હતી કે જુના સચિવાલય ખાતે એક સરકારી કર્મચારી વરલી મટકાનો જુગાર રમાડી રહ્યો છે. જેને આધારે પીએસઆઈ તથા કોન્સ્ટેબલ ધિરેન્દ્રસિંહ સહીત સ્ટાફના માણસોએ સાંજે દરોડો પાડી વરલી મટકાનો જુગાર રમાડી રહેલા સરકારી કર્મચારીને રંગે હાથ ઝડપી પાડયો હતો. પાણી પુરવઠા વિભાગમાં કલાર્ક તરીકે ફરજ બજાવી રહેલા રમેશભાઈ ચૌહાણને વરલી મટકાના સાહિત્ય તથા રોકડ રકમ મળી રૂ. ૨૫૬૩૦ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી લઈ જુગાર ધારાની કલમ ૧૨-અ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સરકારી કર્મચારી આ રવાડે કયારથી અને કેમ ચઢયો તે પણ વિચાર માંગે તેવી બાબત છે.

# સિવિલમાં અગ્નિશામક સાધનો ડેડ : દર્દીઓ રામભરોસે

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ઠેર ઠેર લગાવાયેલા અગ્નિશામક સાધનો ડેડ હાલતમાં છે. હોસ્પિટલમાં આગ લાગે તો સ્ટાફનો કર્મચારી પણ આગને કાબુમાં લઈ શકે તે એસ્ટિંગયુઝરની એકસપાયરી ડેટને પણ એક વર્ષ વીતી ગયું હોવા છતા સિવિલમાં લટકી રહ્યા છે. હોસ્પિટલમાં ઈન્ડોર દર્દી રામભરોસે હોય તેવું લાગી રહ્યું છે. સિવિલ સતાધિશોનું અગ્નિશામક સાધનો તરફ વર્ષ વીત્યું હોવા છતા ધ્યાન ના ગયું તે નવાઈની વાત કહેવાય. સિવિલમાં અગ્નિશામક સાધનોને લઈ દર્દીઓમાં પણ ચર્ચા થઈ રહી છે.

મેડીકલ કોલેજ સંચાલિત ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રોજના હજ્જારો દર્દીઓ સારવાર માટે આવે છે. મેડીકલ કોલેજને પગલે સિવિલમાં આઠ માળની ઈમારત ઈન્ડોર દર્દીઓ માટે અને પાંચ માળની ઈમારતમાં દર્દીઓ માટે ઓપીડી શરુ કરવામાં આવી છે. સિવિલમાં ૬૦૦ દર્દીઓને ઈન્ડોર પેશન્ટ તરીકે સારવાર આપી શકાય તેવી વ્યવસ્થા છે. હાઈટેક





સિવિલ બનતા આસપાસના જિલ્લાના દર્દીઓ પણ મોટી સંખ્યામાં પોતાનો ઈલાજ કરાવા માટે આવે છે. જિલ્લાકક્ષાની હોવાથી ઓપીડી વિભાગ દર્દીઓથી ઉભરાય છે. દર્દીઓને મળતી માળખાકીય સુવિધામાં પણ વધારો થવા પામ્યો છે ત્યારે શહેર-જિલ્લાના દર્દીઓ માટે શહેરની હોસ્પિટલ આશિર્વાદરૂપ સાબિત થઈ રહી છે. રાજયના પાટનગર ગાંધીનગરમાંથી જયાં નિયમોનું પાલન કરાવા માટે આદેશો છોડવામાં આવે છે ત્યાં જ દિવા તળે અંધારુ છે. સિવિલ હોસ્પિટલમાં આઠ માળની બિલ્ડીંગમાં અગ્નિશામક સાધનો લગાવેલા છે. આ ફાયર એસ્ટિંગયુઝર પર મેન્યુફેકચર અને એકસપાયરી ડેટ મારવામાં આવી છે. છતા સિવિલના તંત્રનું ધ્યાન ના હોય તેમ આ એસ્ટિંગયુઝરોની એકસપાયરી ડેટને પણ અંદાજીત વર્ષ કરતા વધુ સમય થયો છે. પરંતુ સિવિલના સતાધિશોને દર્દીઓની કોઈ પરવા ના હોય તેવું લાગી રહ્યું છે. સિવિલમાં થોડાક મહિના અગાઉ ફાયર સેફટીને લઈ મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારે પણ આ સાધનોની એકસપાયરી ડેટ નજર ના આવી તે નવાઈની વાત દર્દીઓને લાગી રહી છે.





દિવસે ને દિવસે વધી રહેલા કોંક્રિટના જંગલમાં માણસ ભૂલો પડતો જાય છે. ભૂલા પડેલા માનવીને રાહ ચીંધવો એ આમ તો ધર્મ ગણાય છે, પરંતુ ગાંધીનગરના એક ફ્રૂટની લારી ચલાવતા વેપારી આવી પુછપરછથી એટલી હદે કંટાળી ગયા છે કે તેમણે લારી આગળ એક બોર્ડ જ લગાડી દીધુ છે. આ બોર્ડમાં તેમણે પોતે ત્રાસી ગયા હોવાનો સ્વિકાર કરતા સરનામુ પુછવા પર રૂ. ૧૦નો ચાર્જ પણ જાહેર કરી દીધો છે, બોલો..!!.

## વાતવાતમાં

● ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા દારૂના દૂષણમાંથી સમાજને મુકત કરવા 'જનતા રેડ' અંતર્ગત અસરકારક વ્યસન મુકિત અભિયાન હાથ ધરાયું છે. દહેગામમાં ક્ષત્રિય ઠાકોર સેનાએ પોલીસને શહેરના ૧૬ જેટલા દારૂના અડ્ડાના સરનામા લેખિતમાં આપી કાર્યવાહી કરવા જણાવ્યું છે.

● સે-૪માં સોમવારે એક બેસણામાં હાજરી આપવા રાજયપાલ ઓમપ્રકાશ કોહલી પધાર્યા હતા. તેમની મુલાકાત દરમિયાન એસ્કોર્ટ કરી રહેલ કાફલાની એક પોલીસ ગાડીએ રસ્તા પર વળાંક લઈ રહેલ સ્કુટર ચાલક યુવતીને અચાનક અટકાવતા તે પડી જતા તેને હાથે પગે સામાન્ય ઈજાઓ થવા પામી હતી.

● પીડીપીયુ ખાતે ભારતીય સંસ્કૃતિનો અભ્યાસ કરવા આવેલ ઓસ્ટ્રેલિયન વિદ્યાર્થીઓ યુનિવર્સિટીના કેમ્પસને જોઈ ખુશખુશાલ થઈ ગયા હતા અને આખો દિવસ તેમાં ફર્યા હતા. આ વિદ્યાર્થીઓને સ્વાગત માટે પહેરાવેલ હાર પણ તેમણે ગળામાંથી ઉતાર્યા નહોતા.

● કુડાસણ ખાતે સ્વામિનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કૂલના પ્રાંગણમાં ખેલમહાકુંભ અંતર્ગત જિલ્લાકક્ષાની ફુટબોલ સ્પર્ધાનો પ્રારંભ થયો છે. આ સંકુલમાં ફુટબોલ ઉપરાંત અન્ય રમતોની સ્પર્ધાઓ પણ યોજાશે.

● વિધાનસભા અધ્યક્ષ ગણપતભાઈ વસાવાના પિતા સદ્ગત વસ્તાભાઈની ગાંધીનગર ખાતે યોજાયેલ પ્રાર્થનાસભામાં સૌને સદ્ગતની સ્મૃતિમાં અબોલ પક્ષીઓ માટેની ચણ અપાઈ હતી.

- સમીર રામી, મો. ૯૯૨૪૪૪૬૬૪૫

## આનંદનો ગરબો

ગાંધીનગર, તા.૨

ભાવનાબહેન ગોકલાણીના ગોપી મંડળ દ્વારા આનંદનો ગરબો આગામી તા. ૪ ફેબ્રુઆરીના રોજ સર્વોદય નગર હાઉસિંગ પ્લોટ નં. ૩૧, હોળી ચોક, સે-૩૦ ખાતે યોજાશે. આ ધાર્મિક કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા સર્વે માઈભકતોને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## શહેર પેન્શનર્સ સમાજની બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ દ્વારા આગામી તા. ૪ ફેબ્રુઆરીને ગુરુવારના રોજ સાંજે ૪.૦૦ કલાકે, સેકટર-૨૨, સ્વસ્તિક કોમ્પ્લેક્ષના બીજા માળે સમાજની કાર્યવાહક સમિતિની બેઠક યોજાશે. આ બેઠકમાં વર્ષ ૨૦૧૬ની કામગીરી અંગે ચર્ચા વિચારણા કરવામાં આવશે. દરેક હોદ્દેદારો તથા કારોબારી સભ્યોને ઉપસ્થિત રહેવા સમિતિના પ્રવરમંત્રી ડી.પી. સંઘાણીએ અનુરોધ કર્યો છે.

## વિદ્યાભારતી પ્રશિક્ષણ કેન્દ્ર દ્વારા ગોષ્ઠીનું આયોજન

ગાંધીનગર, તા.૨

સેકટર-૨૨ સ્થિત વિદ્યાભારતી અધ્યયન, પ્રશિક્ષણ અને સંશોધન કેન્દ્ર દ્વારા આગામી તા. ૫મી ફેબ્રુઆરીના રોજથી ત્રણ દિવસીય વિદ્યા ભારતી અખિલ ભારતીય શિક્ષા સંસ્થાનના સંસ્કૃત વિષયના ક્ષેત્રિય અને પ્રાંતીય પ્રમુખોની ગોષ્ઠીનું આયોજન કરવામાં આવ્યું છે. આ ગોષ્ઠીનો પ્રારંભ શુક્રવારના રોજ બપોરે ૩.૩૦ કલાકે ભાગ્યેશભાઈ જહાના હસ્તે દીપ પ્રગટ કરી કરાવાશે.

## સરગાસણ ચોકડી પાસેથી દારૂ ભરેલી ઝેન ગાડી પકડાઈ

### રાત્રે દોઢ વાગે ગાડી લઈને ઉભેલા શખ્સને સે-૭ પોલીસે પકડી પાડયો : રૂ. ૪૩ હજારનો મુદ્દામાલ જપ્ત

ગાંધીનગર શહેરના સરગાસણ ચોકડી પાસે એક સોસાયટીની બહાર મોડી રાત્રે ઝેન ગાડી સાથે ઉભેલા શખ્સની પાસે જઈ સેકટર-૭ પોલીસે તપાસ કરતા તેની ગાડીમાંથી દારૂની બોટલોનો જથ્થો મળી આવ્યો હતો. ૩૪ નંગ વિદેશી દારૂની બોટલો સહિત રૂ. ૪૩૬૩૪ના મુદ્દામાલ સાથે એક શખ્સની ધરપકડ કરી લઈને સે-૭ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સેકટર-૭ પોલીસ મથકના પીએસઆઈ વી.યુ. ગડરીયા તથા કોન્સ્ટેબલ




ધિરેન્દ્રસિંહ સહિતની ટીમ મોડી રાત્રે પેટ્રોલીંગમાં હતી ત્યારે સરગાસણ ચોકડી નજીક પ્રમુખનગર સોસાયટી બહાર એક શંકાસ્પદ હાલતમાં મારૂતી ઝેન ગાડી સાથે બેઠેલો યુવાન શખ્સ દેખાયો હતો. પોલીસે ત્યાં જઈને ગાડીમાં તપાસ કરતાં તેમાંથી રૂ. ૧૩૧૩૪ની કિંમતની ૩૪ નંગ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી મોબાઈલ, દારૂની બોટલો અને કાર મળી રૂ. ૪૩૬૩૪ની કિંમતના મુદ્દામાલ સાથે પેથાપુર ખાતે સ્થિત રામજી મંદિર નજીક રહેતા પીન્ટુ લક્ષ્મણ બારોટની સે-૭ પોલીસે ધરપકડ કરી લીધી છે અને કયાંથી આ વેપલો કરે છે તથા કોની પાસેથી માલ લાવે છે તે સહિતની પુછતાછ શરુ કરવામાં આવી છે.

## બીસીએ કોલેજમાં સેલ્ફ ઈવેલ્યુએશન વિષય પર સેમિનાર

ગાંધીનગર, તા.૨

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝ દ્વારા સેમસ્ટર-૨ના વિદ્યાર્થીઓ માટે સેલ્ફ ઈવેલ્યુએશન અને લીડરશીપ વિષય પર એક દિવસીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને પોતાના જીવનનો લક્ષ્ય નિર્ધારિત કરવા માટેની મદદરૂપ ચાવીઓ જેવી કે સેલ્ફ કોન્ફીડન્સ, આંતરીક આવડત, સ્ટેજ ફીયર, મોટીવેશન વિષે માહિતગાર કરવામાં આવ્યા હતા.





આ સમગ્ર સેમિનારના વકતા આકાશ જયસ્વાલ વિદ્યાર્થીઓની સમક્ષ ખુબ જ સહજતાપૂર્વક સમાજ પ્રત્યેની તેમની જવાબદારીઓનું દષ્ટિબિંદુ રજુ કર્યું હતું. આ ઉપરાંત વાતચીત અને સમાધાન સાથે વિદ્યાર્થીઓને અલગ અલગ પ્રવૃત્તિઓ જેવી કે પોતાની આવડત, સ્વપ્ન, સ્વભાવ અને રસની ઓળખાણ કરાવીને પોતાનું લક્ષ્ય કેવી રીતે મેળવવું તે શિખવાડયું હતું. જીવનના મુશ્કેલીભર્યા તમામ પ્રશ્નો સાહજીકતાથી કેવી રીતે નિવારી શકાય તેનું પણ માર્ગદર્શન આપ્યું હતું. આ સાથે વિદ્યાર્થીઓને પ્રત્યેક કપરી પરિસ્થિતિમાં પણ પોતાનો લક્ષ્યને સાધવાનો અથાક પ્રયાસ કરવાની શીખ આપી હતી. આ યુવા પેઢીને સમાજનું ઉચું અને સારું ઉત્થાન કરવા પોતાને સાચી દિશામાં જવાનું માર્ગદર્શન આપ્યું હતું આ સેમિનારમાં સેમિસ્ટર-૨ના ૨૭૫ વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક જોડાયા હતા. સંસ્થાના ડિરેકટર ડૉ. સંજય એમ. શાહના માર્ગદર્શન હેઠળ, પ્રાધ્યાપક મિત્રો દ્વારા આ સેમિનાર સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો હતો.

## સરકારી મધ્યસ્થ પ્રેસ કર્મચારીઓની ક્રેડીટ સોસાયટીનો સુવર્ણ જયંતિ મહોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૨

સરકારી મધ્યસ્થ પ્રેસ કર્મચારીઓની કો.ઓપ. ક્રેડીટ સોસાયટીની ૫૦મી સુવર્ણ જયંતિ મહોત્સવ ઉજવવાનું આયોજન કરવામાં આવ્યું છે. સંસ્થાના કારકીર્દીના ૫૦ વર્ષ પૂરા આગામી તા. ૭મી ફેબ્રુઆરીને રવિવારના રોજ થતા હોવાથી તેમજ ૫૧મા વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું છે. આ કાર્યક્રમ સવારે ૯.૦૦ કલાકે મંડળીના કાર્યાલય ખાતે યોજાશે. જેમાં મુખ્ય મહેમાન તરીકે મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ રાણા ઉપસ્થિત રહેશે.

## પતિના ત્રાસથી કંટાળીને પત્નિએ કેનાલમાં ઝંપલાવ્યુ હોવાની ફરીયાદ

### સંતાન થતા ન હોવાથી પતિ મારઝુડ કરતો હતો : મૃતકની બહેને કરી પોલીસ ફરિયાદ

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર નજીક રાયપુર નર્મદા કેનાલમાંથી નરોડા વિસ્તારની પરિણીતાનો તરતો મૃતદેહ મળી આવ્યો હતો. ૧૫ વર્ષના લગ્નગાળા બાદ પણ સંતાન થતું ન હોવાથી તેણીએ આપઘાત કર્યું હોવાનું ખુલ્યું હતું. આજે આ આપઘાત કરનાર પરિણીતાની બહેને પોલીસ ફરિયાદ નોંધાવી છે કે મૃતકના પતિ મારઝુડ કરતા હતા તેથી પતિના ત્રાસથી તેણીની બહેને આપઘાત કર્યો છે. પોલીસે ગુનો દાખલ કરીને તપાસ શરુ કરી છે.

નરોડા વિસ્તારમાં રહેતી ૪૦ વર્ષીય પરિણીતા નિરાબેન કિશનભાઈ સોલંકીએ રાયપુર કેનાલમાં ઝંપલાવી આપઘાત કરી લીધો હતો. આ પ્રકરણમાં પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતુ કે ૧૫ વર્ષના લગ્નગાળા બાદ પણ સંતાન થતા ન હોવાથી પરિણીતાએ આપઘાત કરી લીધો છે. જો કે આજે મૃતકની બહેન લલીતાબેન સોનારાએ ડભોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે નિરાબેનના પતિ કિશનભાઈ ઉર્ફે કિશોરભાઈ સોલંકી ત્રાસ આપતા હતાં. ૩૦મી જાન્યુઆરીએ જ નિરાબેનને કિશનભાઈએ માર માર્યો હતો. જેને પગલે કંટાળીને નિરાબેન ઘરેથી નીકળી ગયા હતા અને અંતિમ પગલું ભરી લીધું છે. મૃતકની બહેનની ફરિયાદને આધારે ડભોડા પોલીસે પતિ સામે ગુનો નોંધીને તપાસનો દૌર શરૂ કર્યો છે.

# ટ્રાફિક નિયમો શહેરમાં જ, ગામડામાં લોલમલોલ

## શહેરીજનો દંડ પેટે ટ્રાફિક વિભાગની ઝોળી ભરી રહ્યા છે ત્યારે હાઈવે ઉપર કટકીના કકળાટ વચ્ચે સરેઆમ ટ્રાફીકનો ભંગ

ગાંધીનગર, તા.૨

રાજય સરકારે તાજેતરમાં ટ્રાફિક નિયમોના ભંગ માટે ભારે દંડનાત્મક કાર્યવાહીની જોગવાઈઓ અંગેની સમીક્ષા કરી છે અને ટુંક સમયમાં જાહેરનામુ બહાર પાડવાનું છે ત્યારે રાજયભરમાં ટ્રાફિક ભંગ અંગેની વાસ્તવિકતા કંઈક જુદી જ હોવાનું ચિત્ર ઉપસી રહ્યું છે. ટ્રાફિક કાયદાનો કડક અમલ ફકત શહેરી વિસ્તારો પૂરતો સિમિત બન્યો હોય તેમ સૌથી વધુ ભોગ શહેરીજનો બની રહ્યા છે તો બીજી તરફ રાજયના હાઈવે અને ગ્રામ્ય વિસ્તારોમાં ટ્રાફિક કાયદામાં લોલમલોલ હોય તેમ દંડનાત્મક કાર્યવાહીનો ચિતાર કહી રહ્યો છે જેથી શહેરીજનો માટે જ જાણે કે ટ્રાફિક કાયદા બનતા હોય તેવો આક્રોશ પ્રગટ થયો છે.

રાજયના ટ્રાફિક વિભાગની આંકડાકીય માહિતીઓ જો તપાસવામાં આવે તો સૌથી વધુ ટ્રાફિક નિયમોનો ભંગ શહેરી વિસ્તારમાં જ થયો હોય તેવું જણાઈ આવે તેમ છે. વધુમાં હજુ પણ સરકાર આ નિયમોમાં કડકાઈ લાવી દંડનાત્મક રકમ અને કાર્યવાહીને વધુ આકરી બનાવી રહી છે ત્યારે શહેરીજનો હાલમાં પણ સૌથી વધુ દંડ પેટે રકમ ટ્રાફિક વિભાગને ચુકવે છે. શહેરી વિસ્તારોમાં હેલમેટ, બેલ્ટ, સિગ્નલ ભંગ, પીયુસી, લાયસન્સ તથા અનેક બાબતોનો ચોકસાઈ પૂર્વક અમલ કરાવાઈ રહ્યો છે. જેમાં વળી વાહનની સ્પીડ ખુબ જ ધીમી હોવા છતાં પણ અને નજીક નજીકના કામો પૂર્ણ કરવા જ વાહન ઉપયોગમાં લવાતું હોય છે જેમાં પણ દંડનાત્મક કાર્યવાહીનો ભોગ બનવું



પડે છે. જયારે હાઈવ ઉપર કે જયાં લાંબા રૂટમાં નીકળતા વાહનોને અત્યંત જરૂરી ટ્રાફિક નિયમો પાળવા જોઈએ છતાં તેની અમલવારી થતી નથી અને કટકીના કકળાટ સાથે સરેઆમ ટ્રાફીક ભંગ થઈ રહ્યો છે.

હાઈવે ઉપર પૂર ઝડપે પસાર થતાં વાહનોમાં લકઝરી, એસટી બસો, ટ્રક, જીપો અને ખાનગી વાહનો હેલમેટ પહેરેલા જણાતા નથી છતાં ટ્રાફિક પોલીસ આંખ આડા કાન કરી લે છે. વધુમાં પાસીંગ કરતા વધારે મુસાફરો હોય, બહાર લટકતા હોય ચાલુ વાહને મોબાઈલ ઉપર વાત કે વ્યસન કરતાં હોય છે જે બિન્દાસ્ત રીત નિયમોના ભંગ કરી પસાર થતા હોવા છતાં કટકીના કાળા કારોબારમાં બધુ સલામત હોવાનો દાવો થઈ રહ્યો છે. જેથી આ અંગે હાઈવે ઉપર સીસીટીવી કેમેરા મુકાય તે જરૂરી બન્યું છે. બીજી તરફ ગ્રામ્ય પોલીસ ફકત પેટ્રોલીંગથી જ સંતોષ માની લેતી હોય છે અને નિર્ધારિત ટાર્ગેટ પૂરતા જ કેસ થતા હોય છે. આમ હરહંમેશ શહેરીજનોના માથે જ ટ્રફિક નિયમો લદાઈ જતાં હોવાની વાસ્તવિકતા બહાર આવી છે જેથી રાજય સરકાર આ અંગે ગંભીરતાથી ફેર વિચારણા કરે તે ઈચ્છનીય બન્યું છે.

## સે-૧૩ ખાતે કાનૂની શિબિર યોજાઈ



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ગાંધીનગર, તા.૨

સેકટર-૧૩ના છાપરા અને ઝૂંપડપટ્ટી વિસ્તારમાં જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ગાંધીનગરના ઉપક્રમે એક કાનૂની શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રાઈટ ટુ એજયુકેશન અંગે કાનૂની માર્ગદર્શન પેરા લીગલ વોલન્ટર્સ સુધીર દેસાઈ, જયરામભાઈ સોની, જીગીશાબેન ઉપાધ્યાય, સીતારામભાઈ પટેલ તથા ભરતભાઈ પ્રજાપતિ દ્વારા જાણકારી આપવામાં આવી હતી. આ શિબિરમાં ઝૂંપડપટ્ટી વિસ્તારના આગેવાન બાબરભાઈનો સહકાર મળતા ૮૦થી વધુ વસાહતીઓ જોડાયા હતા.

## ચિરવિદાય

● સ્વ. જોઈતાભાઈ બહેચરભાઈ પટેલ, ઉ.વ.૭૫